**રજા પ્રવાસ રાહત અંગે સત્તા સોંપણી**

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
પરિપત્ર ક્રમાંક-મસભ-૧૦૨૦૦૧-૨૩૫૯(૨)-ચ,
સચિવાલય ગાંધીનગર,
તારીખ :- ૨૭મી માર્ચ, ૨૦૦૧

**વંચાણે લીધો:-** ના.વિ. સ.ઠ.ક્રમાંક-મસભ-૨૧૮૧-૧૭૬૪-જ, તા.૨૯-૭-૮૧

**પ રિ પ ત્ર :-**

રજા પ્રવાસ રાહત યોજનાની હાલની જોગવાઇ અનુસાર રજા પ્રવાસ રાહત હેઠળ મુલાકાત માટે જાહેર કરેલ મુખ્ય સ્થળની મુલાકાત લેવાની રહ છે અને આ અંગેના દાવાની સાથે મુસાફરી કર્યા અંગેના પુરાવા એટલે કે રેલ્વેમાં મુસાફરી કરી હોય તો રેલ્વે ટિકિટ નંબર, ખરીદીનું સ્થળ અને તારીખ વગેરે આપવાના રહે છે. બસ દ્વારા મુસાફરી કરી હોય તો એસ.ટી. સતાવાળા તરફથી આપવામાં આવેલ બસ ટિકિટો અસલમાં રજુ કરવાની હોય છે, પરંતુ ઘણી વાર સામાન ચોરાઇ જવાથી કે ખોવાઇ જવાથી કર્મચારી મુસાફરીના સર્મથનમાં અસલમાં ટિકિટો રજુ કરી શકતા નથી તેમજ તેને આનુષાંગિક માહિતી પણ આપી શકતા નથી તેમજ ઘણીવાર જાહેર કરેલ સ્થળમાં ફેરફાર થવાથી દાવો મેળવવામાં ઘણી મુશ્કેલીઓ રહે છે. એટલે કે પહેલાં જાહેર કરેલ મુખ્ય સ્થળમાં ફેરફાર કરવો પડે છે. સચિવાલયના વહીવટી વિભાગો તરફથી ઉપર્યુક્ત બાબતોમાં છુટછાટ મુકીને ખાસ કેસમાં મંજુરી આપવા નાણા વિભાગને દરખાસ્તો કરવામાં આવે છે, પરિણામે રજા પ્રવાસ રાહત અંગેના કર્મચારીઓના દાવઓ વિનિયમિત કરવામાં ઘણી મુશ્કેલીઓ પડે છે તેમજ દાવાઓને વિનિયમિત કરવામાં ઘણો વિલંબ થાય છે. કર્મચારીઓના રજા પ્રવાસ રાહત અંગેના આવા પ્રશ્નોનું નિરાકરણ સમયસર થઇ શકે તે માટે આવી બાબતો પરત્વે આખરી નિર્ણય લેવાની સત્તા વહીવટી વિભાગોના સચિવશ્રીઓને સુપ્રત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. વિચારણાને અંતે નીચેની બાબતોમાં આખરી નિર્ણય લેવાની સત્તા સચિવાલયના વહીવટી વિભાગના સચિવશ્રીઓને આથી સુપ્રત કરવામાં આવે છે.

રજા પ્રવાસ રાહતના હેતુ માટે કર્મચારી દ્વારા કોઇ એક મુખ્ય સ્થળ તેમજ રૂટમાં આવતા અન્ય ચાર પાંચ જોવા લાયક સ્થળો જાહેર કરેલ હોય અને છેલ્લી ઘડીએ પ્રવાસ આયોજકો દ્વારા પ્રવાસના કાર્યક્રમ/ રૂટમાં ફેરફાર કરવામાં આવે તો તેવા સંજોગોમાં અગાઉ એલ.ટી.સી.ના હેતુ માટે જાહેર કરેલ મુખ્ય સ્થળમાં ફેરફાર કરી આપવાની કર્મચારીની રજુઆત પરત્વે તેમજ કર્મચારીના કાબુ બહારના કારણોસર એટલે કે કર્મચારી અથવા તેની સાથે પ્રવાસમાં હોય તે પૈકી કુટુંબના સભ્ય/ સભ્યોની અચાનક તબિયત બગડી જવાથી , અકસ્માત થવાથી, અશાંત પરિસ્થિતિને કારણે અથવા કુદરતી આપત્તિ વગેરે કારણોસર જાહેર કરેલ સ્થળ સુધીની મુસાફરી કર્યા સિવાય અધવચ્ચેથી મુસાફરી ટુંકાવી કર્મચારી મુખ્ય મથકે પરત ફરે તેવા કિસ્સાઓમાં કર્મચારી જે સ્થળેથી મુસાફરી ટુંકાવીને મુખ્ય મથક પરત આવ્યા હોય ત્યાં સુધીનું રજા પ્રવાસ રાહત મંજુર કરવાની કર્મચારીની રજુઆત પરત્વે આખરી નિર્ણય લેવાની સત્તા સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રીને સુપ્રત કરવામાં આવે છે.

રજા પ્રવાસ રાહત અંગેના દાવાના સમર્થનમાં કર્મચારીએ રેલ્વે દ્વારા મુસાફરી કરી હોય તો, રેલ્વે ટિકિટ નંબર, ખરીદીનું સ્થળ, તારીખ દર્શાવવાની રહે છે. બસ દ્વારા મુસાફરી કરવામાં આવી હોય તો, એસ.ટી. સત્તાવાળાઓ તરફથી ઇસ્યુ કરવામાં આવેલ એસ.ટી.નો ટિકિટ અસલમાં રજુ કરવાની રહે છે. ઘણા કિસ્સાઓમાં કર્મચારીનો સામાન ચોરાઇ જવાથી અથવા અન્ય કારણોસર ટિકિટ ગુમ થવાથી કર્મચારી દાવો રજુ કરતી વખતે પુરાવા રૂપે ટિકિટ રજુ કરી શકતા નથી અને કર્મચારી દ્વારા ટિકિટો વગેરે રજુ કરવામાંથી મુક્તિ આપવા રજુઆત કરવામાં

આવે છે. આથી જે કિસ્સામાં કર્મચારી દ્વારા મુસાફરી કર્યા અંગેના પુરાવા તરીકે અંશતઃ આધાર રજુ કર્યો હોય અને સંબંધિત સચિવશ્રીને રજુ કરેલ આવા અંશતઃ આધારથી સંતોષ થતો હોય તો તેવા કિસ્સાઓમાં વહીવટી વિભાગના સચિવશ્રી આવી બાકી અંશતઃ ટિકિટો રજુ કરવામાંથી છુટછાટ આપી શકશે.

વહીવટી વિભાગના સચિવશ્રીને આ સુપ્રત કરાયેલ સત્તા માત્ર તેમની કક્ષાએ મંજુરીથી વાપરી શકાશે તેમજ પ્રત્યેક મંજુરીના હુકમમાં સચિવશ્રીએ ફાઇલ ઉપર આપેલ મંજુરીની તારીખનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

રજા પ્રવાસ રાહત અંગેની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ.એચ.સૈયદ
સેકશન અધિકારી
નાણા વિભાગ.

પ્રતિ,

★ માનનીય, રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર
★ માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
માનનીય મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
★ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
★ રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઇકોર્ટ,અમદાવાદ.
★ સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
★ સરકાર માન્ય તમામ સરકારી કર્મચારી મંડળો.
★ સચિવશ્રી,ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
★ સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
★ અધ્યક્ષશ્રી,ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ,ગાંધીનગર.
સર્વે નિગમો/યુનિવર્સીટીઓ.
સર્વે સંસદ અને વિધાનસભાના સદસ્યશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ) ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ( એ.એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, સ.સ.ન.નિ.લી. ગાંધીનગર/ વડોદરા.
નિયામકશ્રી,પેન્શન અને પ્રો.ફંડ,ખાનપુર,લાલાકાકા એસ્ટેટ, અમદાવાદ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, અમદાવાદ.
તમામ જીલ્લા તિજોરીઓ અને પેટા તિજોરીઓ.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, અમદાવાદ.
નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ( નાણા સલાહકારશ્રીઓ સહિત).
નાણા વિભાગની તમામ શાખાઓ( નાણા શાખાઓ સહિત)
સિલેકટ ફાઇલ/મદદનીશ સિલેકટ ફાઇલ,
''ક'' વહેંચણી.

* પત્ર દ્વારા.